## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ખુદના પડછાયાથી ડરતા હોય છે;
યુદ્ધમાં તેઓ ઉતરતા હોય છે !
ખાલીપો લઇનેજ ફરતા હોય છે,
એ સતત બીજાને ભરતા હોય છે !

- કરસનદાસ લુહાર

### પાથેય

- રમેશ ઠક્કર

## ખખડતો ખાલીપો...

વિરોધાભાસ જગતમાં ઠેરઠેર જોવા મળે છે.ક્ષમા એ વિરનું આભૂષણ ગણાય છે.જે માણસ અંદરથી સજજ છે કાબેલ છે કે કોઈક સિધ્ધિને પામી ગયો છે એને કશાનો ડર હોતો નથી..અભય એ આંતરિક રીતે સભર વ્યકિતનો સહજ ભાવ હોય છે..માણસ ગમે તેટલો મોટો બની શકે..ખ્યાતનામ થઈ શકે પણ મનથી અભય હોય એવું તમામ લોકોના કિસ્સામાં બનતું હોતું નથી.હકીકતમાં એ જેમ જેમ ટોચ ઉપર પહોંચતો જાય છે એમ એ વધારેને વધારે અસલામતિ અનુભવતો જાય છે..ડર એ પ્રાણીમાત્રની મુળભુત વૃત્તિ છે..પરંતુ માણસ ઘણીવાર એના આસકિતભાવને કારણે પણ ભયભીત રહેતો હોય છે.

આપણે જેને બહાદુર સમજી લીધા હોય એવા ઘણા લોકો નાની નાની તકલીફો સામે કડડભૂસ થઈ જતા જોવા મળે છે..બહારથી અડગ લાગતા લડાયક લોકો ખરાખરી વખતે ભાગવામાં કદાચ મોખરે હોય શકે..ઘણીવખત શારીરિક રીતે કે દેખાવની રીતે નબળા લાગતા માણસો જીવન માટે મકકમ અભિગમ ધરાવતા હોય છે..એવું કહેવાય છે કે જગતમાં જે કોઈ મોટી શોધખોળો કે વિજયો પ્રાપ્ત થયા છે એ જગત જેને સાધારણ માનવીઓ ગમતું હતું એવા લોકોને આભારી છે..સુખી અને સાધનસંપન્ન લોકોની ઈતિહાસમાં કોઈ નોંધ લેતું નથી..મર્યાદિત શકિતઓ સાથે પરાક્રમો કરનારા લોકો જ જનહૃદયમાં કાયમી સ્થાન પામતા રહે છે. માણસ ખુલ્લીને કેમ બહાર આવતો નથી ? એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે..અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટનું પ્રખ્યાત વિધાન છે કે ‘આપણે ડર સિવાય બીજી કોઈ વસ્તુથી ડરવાની જરૂર નથી !’

કેટલીક આફતો કે મુસીબતો આપણા માટે સહજ હોય છે.એને સમજયા વગર એની સામે થઈ જવું એવો કહેવાનો પણ આશય નથી..ભયસ્થાનોને સમજી એના પ્રતિકારની આવડત કેળવવાથી જ આપણે થોડીક હિંમત અનુભવીએ છીએ..કોઈ સિંહને જોઈ હરણ ભાગી જાય કે શિકારીને જોઈ કોઈ પંખી ફાળ ભરી ઉડી જાય એ સ્વાભાવિક ગણાય.પરંતુ માણસ સિવાયનાં પ્રાણીઓ ખરેખર આફત સામે આવે ત્યારે જ ભયભીત થાય છે..એક માણસ જ એવું પ્રાણી છે જે મનોમન કે કાલ્પનિક ભયના ઓથાર તળે પણ જીવે છે.માણસનો લોભ કે માલિકીહકક એને લૂંટાઈ જવાના ડરથી ભયભીત કરે છે..આવા માણસો મોટા શાસકો હોય કે સરમુખત્યાર એમને કશુંક ગુમાવી દેવાનો સતત ડર કોરી ખાતો રહે છે.એમનું અંતર ખાલી હોય છે એમાં શ્રધ્ધા કે વિશ્વાસ ટકી શકતાં નથી.આવા અંદરથી અસલામત લોકો જ બીજાની સાથે યુધ્ધ કે લડાઈ જાહેર કરી દેતા હોય છે.

ખાલીપો કે અંદરની શૂન્યતા અંતે તો માણસને ભાવશૂન્ય બનાવે છે.આવા માણસો શાંતિ માટે બહારનો કોલાહલ પસંદ કરે છે..બાહય આવરણો કે આયુધો તમને સધિયારો આપી શકે પણ વિજયની ખાત્રી ના આપી શકે..કહેવાય છે કે કોઈપણ લડાઈ મેદાનમાં લડાઈ છે એના કરતાં માણસની ભીતર વધારે લડાવી રહે છે..જેણે ભીતરનું ઘમાસાણ સારી રીતે શાંત કર્યું હોય એ જ વ્યક્તિ જગતને શાંતિની

અનુસંધાન પાના નં. ૭ પર

# અહમ્‌ની ટકરામણ અને અમેરિકાની નાગડદાઈનું પરિણામ

**તંત્રીસ્થાનેથી...**

ધાર્યા કરતાં લાંબુ ખેંચાઈ ગયેલું રશિયા-યુક્રેન યુદ્ધ બેઉ દેશોના શાસકોના ‘ઈગો’નું ટકરામણનું પરિણામ છે. પુતિન ‘વિશ્વવિજેતા ગ્રંથિ’ ધરાવતા હિટલર બ્રાન્ડ રાષ્ટ્રપતિ છે. રશિયાની નામોશી ધોઈ નાખી તેને ફરી એકવાર અમેરિકાની લગોલગ મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કરવા માગતા આ નેતાને ભલે દુનિયા દોષ આપતી ફરે, પરંતુ એમની પ્રજા ભવિષ્યમાં મહાન રાષ્ટ્રવાદી નેતા તરીકે પૂજશે. ગોર્બાચોવ - યેલ્ત્સીનનું બિચારું બાપડું રશિયા ફરી પાછું બેઠું થયું છે તે પુતિનના સમક્ષ નેતૃત્વને આભારી છે. અમેરિકાએ રશિયાને ખંડિત કરી દઈ લગભગ દેવાળિયું બનાવી દેવામાં કોઈ કસર નહોતી રાખી તે આખું જગત જાણે છે. ચીન પાસે માત્ર જનસંખ્યા જ એક સૌથી મોટું પરિબળ હતું. એ ગરીબડા દેશે પણ હરણફાળ ભરીને દુનિયાની જમાદારી કરતા અમેરિકાની આંખમાં આંખ પરોવવાની ક્ષમતા હાંસલ કરી લીધી છે. રશિયા તો અંતરિક્ષ ક્ષેત્રે અમેરિકાથી પણ આગળ હતું. હવે જયારે વૈશ્વિક સમીકરણોમાં અમેરિકા ધીરે ધીરે પીછેહઠ કરી રહ્યું છે ત્યારે રશિયા સાથેના વ્યવપારિક સંબંએંધો તથા આર્થિક પ્રતિબંધો જેવા મુદ્દે અમેરિકા દબાણ વધારીને જ યુદ્ધ સમાપ્ત કરાવવા માગે છે. જે ખુદ યુક્રેન સાથે દગાબાજી સમાન છે. યુક્રેને અમેરિકા અને નાટોના સમર્થનની અપેક્ષાએ બળિયા સાથે બાથ ભીડી હતી. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી માટે સાપ છછુંદર ગળ્યા જેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે તો સામે રશિયા માટે યુક્રેનને હરાવવું તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યો છે. રશિયાએ વારંવાર અણુશસ્ત્રોની ધમકી પણ આપી છે. પરંતુ એ જાણે છે કે એથી કેટલો મોટો વિધ્વંસ થઈ જશે અને પુતિનને ભવિષ્યની પ્રજા નરસંહાર કરનાર રાક્ષસ તરીકે જ યાદ કરશે. વળી અણુશસ્ત્રોના પ્રયોગ પછી નાછૂટકે નાટો અને અમેરિકા પણ એ જ ભાષામાં પ્રતિક્રિયા આપે એટલું તો પુતિન સમજે છે. અહીં બેઉ અહંકારી રાષ્ટ્રપતિઓ ખુદ મરવાની તૈયારી સાથે જુધ્ધે ચડ્યા છે. ઝેલેન્સ્કી ખતમ થવાની ખુમારી અને ખુદારી સાથે ઝઝૂમી રહ્યા છે. એથી યુક્રેનની પ્રજા પર રશિયા કાળો કેર વરતાવી રહ્યું છે અને હોસ્પિટલોથી લઈ શિક્ષણ સંસ્થાઓ તબાહ થઈ રહેલ છે. સંધિ માટેના પ્રયાસો થતા હોવા છતાં કોઈ પક્ષ નમતું જોખવા તૈયાર નથી. અમેરિકા અને નાટો શસ્ત્રોનો સપ્લાય ચાલુ રખી નબળા યુક્રેનને વધુ નુકશાન જ પહોંચાડી રહ્યું હોય એમ નથી લાગતું ? પુતિનને આર્થિક સંકડામણમાં મૂકવાથી એ એમના સ્વભાવ મુજબ વધુ ને વધુ ઉગ્ર જ બનવાના છે. મોદી જેવા મધ્યસ્થી કરી શખે એમ હતા, પરંતુ એથીય કશી અસર થઈ નથી. ટૂંકમાં આ બે દેશોના વડાઓ વચ્ચેનો અહમ્‌નો ટકરાવ છે અને અમેરિકા તો વેગળું રહીને બેઉને ઝઘડતા રાખી મજા જ લૂંટી રહ્યું છે. દરમિયાન ગુજરાતના બે જનપ્રતિનિધિઓના દેહાવસાનની પણ નોંધ લેવી રહી. કુમુદબેન જોષી ગુજરાતના નારીચેતનાનાં પ્રતીક મહિલા હતાં. ઈંદિરા ગાંધીએ એમની કદર કરી હતી. રાજયસભાનાં સદસ્ય બનાવી એમને મંત્રીપદ પણ આપ્યું હતું. એ પછી રાજીવ ગાંધીના શાસનકાળમાં એમને ‘આંધ્રપ્રદેશ’નાં રાજયપાલ પદે નિયુક્ત કરાયાં હતાં જયાં એમણે શોભાના ગાંઠિયા તરીકે સલામીઓ ઝીલતાં રાજયપાલો કરતાં જુદો ચીલો ચાતરી કેટલીક સામાજિક કુપ્રથાનો બંધ કરાવી હતી. ગામડામાં જ રહીને જીવનની પૂર્ણાહૂતિ કરનારી એ ગરવી ગુજરાતણને સલામ અને ચિર શાંતિ માટેની પ્રાર્થના. ભિલોડાના બેઠક ઉપેન્દ્ર ત્રિવેદી જેવા લોકપ્રિય અભિનેતા પાસેથી ખૂંચવી લઈ પાંચ વાર ધારાસભ્ય બનનાર અને મંત્રીપદ પણ સંભાળનાર મેધાવી સર્જન અનિલ જોશિયારાના નિધનથી ફક્ત કોંગ્રેસને જ નહીં બલકે એ પંથકને પણ લાંબા સમય સુધી એક કર્મઠ નેતાની ખોટ વરતાશે. ૐ શાંતિ !

# રાષ્ટ્રભક્તિ અને ફિલ્મ એવોર્ડ્ઝ




દાદાસાહેબ ફાળકે એવોર્ડ આઈએફએફ-૨૦૨૨ની ઘોષણા થઈ ગઈ. આ વખતે વેબ સિરિઝ અને ટેલિફિલ્મ પર આવતી ધારાવાહિકને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું. અને એ માટે પણ એવોર્ડ જાહેર થયા છે. સિનેમા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવા બદલ આશા પારેખને સન્માનિત કરવામાં આવ્યા છે. બ્લેક એન્ડ વાઈટ ફિલ્મોથી અભિનેત્રી તરીકે આશા પારેખનું યોગદાન રહ્યું છે.

આ પારિતોષિકો જાહેર થયા એમાં એક વાત ધ્યાનમાં આવે છે કે, દેશભક્તિ કે રાષ્ટ્રભક્તિ કેન્દ્રમાં હોય એવી ફિલ્મો અને એવી સાથે સંકળાયેલા કલાકારોને પસંદ કરવામાં આવ્યા છે. શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે કેન ઘોષને ‘સ્ટેટ ઓફ એ જ : ટેમ્પલ એટેક’ ફિલ્મ માટે પસંદ કરાયા છે. આ ફિલ્મ ગાંધીનગર સ્થિત અક્ષરધામ પર જે હુમલો થયો હતો, એને કેન્દ્રસ્થાને રાખે છે. રણવીરસિંહને ‘૮૩’ ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતા તરીકે પસલંદ થયો છે. ૧૯૮૩નો વર્લ્ડકપ અને કપિલદેવના ૧૭૪ રન - યાદગાર મેચ આ ફિલ્મના કેન્દ્રમાં છે. કપિલદેવનું પાત્ર ભજવવા માટે રણવીર સિંહને આ સન્માન મળ્યું છે. ક્રીતિ સેનનને સરોગેટ મધરની ભૂમિકા બખૂબી નિભાવવા માટે ‘મીમી’ ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળે છે. ફિલ્મ ઓફ ધ યર માટે ‘પુષ્પા’ની પસંદકી અનેક રીતે આશ્ચર્યજનક છે. ફિલ્મ ઘણી લોકપ્રિય થઈ હતી, એ ના ન પાડીએ પણ ફિલ્મની દૃષ્ટિએ અત્યંત નબળી ફિલ્મ છે.

વેબસિરિઝના એવોર્ડ માટે શ્રેષ્ઠ અભિનેતા મનોજ વાજપેયીને ‘ધ ફેમિલિ મેન-૨’ પસંદ થયા છે જયારે રવિના ટંડનને ‘આરણ્યક’ વેબસિરિઝ માટે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ બંને વેબ સિરિઝ અભિનેતાઓની ભૂમિકાને ધ્યાનમાં રાખીને તો કયાંકને કયાંક રાષ્ટ્રભક્તિ જ જોવા મળશે. ‘૮૩’ ફિલ્મ ભલે રમતગમત પર આધારિત હોય પણ એમાંય દેશદાઝ તો જોવા મળે જ છે ! ક્રિટિક દ્વારા શ્રેષ્ઠ ફિલ્મની પસંદગી ‘સરદાર ઉધમ’ ની થઈ છે. ક્રિટિક દ્વારા જ શ્રેષ્ઠ અભિનેતા તરીકે સિદ્ધાર્થ મલ્હોત્રા ‘શેરશાહ’ ફિલ્મ માટે પસંદગી થઈ છે. આ જ ફિલ્મ માટે કિયારા અડવાણીની શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદગી થઈ છે. ‘સરદાર ઉધમ’ અને ‘શેરશાહ’ બંને ફિલ્મોમાં દેશભક્તિ કેન્દ્રસ્થાને છે. સતીશ કૌશિક અને લારા દત્તાની ક્રમશઃ ‘કાગઝ’ અને ‘બેલબોટમ’ ફિલ્મ માટે સહાયક અભિનેતા, અભિનેત્રી તરીકે પસંદગી થઈ છે. ‘કેન્ડી’ને બેસ્ટ વેબસિરીઝનું સન્માન પ્રાપ્ત થયું છે.

ટૂંકમાં, આગળ કહ્યું એમ સિનેમા અને મનોરંજન સાથે જોડાયેલા આ એવોર્ડઝમાં દેશભક્તિ કેન્દ્ર સ્થાને જોવા મળે છે. અત્યારે ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ ફિલ્મની ઘણી ચર્ચા થઈ રહી છે. એના વિશે વિગતે વાત હવે પછી કરીશું.

### દિન મહિમા

- ન્હાનાલાલ ગુજરાતી કવિની જન્મજયંતિ, સાહિત્યકાર
- રાષ્ટ્રીય રસીકરણ દિવસ - ભારતમાં સૌપ્રથમવાર ઓરલ પોલિયો રસી આપવાની શરૂઆત ૧૯૫૫માં કરવામાં આવી હતી.
- ગણેશ દામોદર સાવરકરની પુણ્યતિથિ : સાવરકર ભાઈઓમાંથી સૌથી મોટા હતા. અને તેમણે બ્રિટિશ સરકાર સામે સશસ્ત્ર બળવો કર્યો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમની ભાગીદારી બદલ તેમણે આજીવન કારાવાસની સજા આપી હતી.

### આજનું ઔષધ

- થોડી હીંગ શેકી તેને ગરમ કરી પાણીમાં મેળવી પીવાથી ઉધરસ મટે છે.

### ખડખડાટ

- ભારતના ઈતિહાસમાં પહેલીવાર બની રહ્યું છે કે જનતા પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાની રાહ જોઈ રહી છે. અને સરકાર ભાવ વધારતી નથી.

### આજનો વોટ્સએપ

- મન મક્કમ હોય તો જ નિર્ણય બદલવો કારણ કે નિર્ણયની સાથે પરિણામ પણ બદલાય છે.

# કુદરત દરેક ને તક આપે જ છે દરેક પરીક્ષા જીવનની અંતિમ નથી હોતી, દરેકનું મહત્વ કંઈક આગવું હોય છે




‘ઈચ્છાઓ બણ બણ કરતી હોય બનવા કઈંક ને ધાર્યા કરતાં સફળતાં બીજામાં મળે એમ પણ બને’...

માર્ચ મહિનો એટલે એક્ષામનો મહિનો.પરંતુ દરેક પરીક્ષા જીવનની આખરી હોતી નથી.

સૌ પ્રથમ તો દરેક પરીક્ષાર્થીને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામના અને આશીર્વાદ.

ખાસ કરીને માતાપિતાને (અમુક) જે પોતાના સપના પોતાના સંતાન પર થોપી દે, અને આજ કરવાનું છે એવુ ઈમોશનલ ઉભું કરે અને બાળક પોતે શું કરવા ઈચ્છે છે એ વિચાર સાઈડ પર રહી જાય અને માતાપિતા જેમ કહે એમ કરે અને લાગી જાય રેસમાં જ્યાં પોતાના સપના ને કોઈ સ્થાન નથી પરંતુ કોમ્પિટિશન અઢળક છે અને એમાંથી પાર થવાનું છે પાછું. આવી પરિસ્થિતિ વાળા દરેક બાળકોને જિંદગીની પરીક્ષા અને સંઘર્ષ માટે અઢળક શુભકામના.

હા, માતાપિતા વિશે વિચારી તમે ઉતીર્ણ થયા જ છો એમની નજરમાં. માટે બીજી ડિગ્રીની ક્યાં જરૂર.

પરંતુ સપના જોવાનું નહીં ભૂલશો પોતાના.

બીજાની આંખમાં ઉછરેલા સપનાને સેવી જરૂર શકશો પરંતુ પોતાના વિચારોના ગર્ભમાં ઉછરેલ સપનાને પોષણ જરૂર આપજો એને ખીલવા અવશ્ય દેજો.

જેઓના સપના ઉંચા હશે અને કંઈક અલગ કરી છૂટવાની ભાવના હશે એવા વિદ્યાર્થીઓ હમેશા સફળ જ હશે, જેઓ ની માર્કશીટ ઉતીર્ણ વિદ્યાર્થી કરતાં ભલે ભિન્ન કે નિમ્ન હશે.

ઉતીર્ણ થયેલા અને ઉતીર્ણ ના થયેલા બંને વર્ગો વિદ્યાર્થી આજે જે ક્ષેત્રમાં હશે એની તુલના કરી લેવી એકવાર.

કારણ માર્કશીટ, એ ડિગ્રી કબાટના એક ડ્રોઅરમાં હશે.

જયારે સફળતા પર પહોંચેલા માણસની ડિગ્રી પૂછવામાં આવતી નથી.

જરૂર હોય છે માત્ર કંઈક અલગ કરવાની સફળતા મનગમતા ક્ષેત્રમાં દોડતી આવતી હોય છે. ઘણાં લોકો જે આજે ટોચ પર છે એ જીવનની પરીક્ષા અને જીવનના મર્મ ને સમજી ગયા હશે. હું ફેઈલ શબ્દ નહીં વાપરું કારણકે એક માર્કશીટ એ જાહેર ના જ કરી શકે માણસના વ્યક્તિત્વને કે જીવનમાં પાસ છે કે ફેઈલ. એક પરિણામ કાં તો માણસને નાસીપાસ કરી મુકે કાં તો કંઈક નવું વિચારતો કરી મુકે. પણ મારું એવું માનવું છે કે વ્યક્તિની સફળતા આધારિત હોય છે, એના પરિવારના વાણી, વર્તન અને ઉછેર પર. કારણ એકવાર આપણને જો ગમતું કરવાની પરવાનગી આપી દેવામાં આવે તો કંઈક ઉત્તમ જરૂર નીકળે. પરિણામ જે પણ આવે એ એનો ડર રાખવાની જરૂર નથી. શું નબળા પરિણામની વ્યાખ્યા નબળું બાળક? ના નબળાઈ આપણા વિચારોમાં છે, આપણા સમાજમાં છે, જેને ઉતીર્ણ માર્કશીટમાં જ રસ છે નહીં કે કાબેલિયત અને આવડતમાં. શું આ હાઈ સ્ટેટ્સ અને ભાગમભરી દુનિયામાં આપણામાં એ હિંમત છે કે આપણે માર્કશીટ જોઈ આપણા સંતાનને કહી શકીએ કે લે ’તારી ખૂબી હું જાણું’, આ માર્કશીટ થોડી નક્કી કરશે તારી કાબેલિયત’. પ્રેમથી, ગળે વળગીને કહી શકીશું,કે તારા સપના તારા. હવે આગળ વધીએ નવા રસ્તે. અહીંયા રસ્તો પુરો થોડી થયો છે.

‘લઈ સપનાનો કાફલો , ઉઘાડા પગે દુનિયા ફરી વળી એ ,
ભાગ્યનો વડલો ઘર આંગણે ફૂટી નીકળે એમ પણ બને’
ઉતીર્ણ થવાથી બધું હાંસલ નથી જ થતું.
મજબૂત ઈરાદો અને આવડત લેખે લાગે છે.
અને દરેકનો સમય આવે જ છે.

બાકી લિપસ્ટિક બનાવનાર ને ખબર હતી 25 Rs.નું માસ્ક Rs.150 ની લિપસ્ટિકનું માર્કેટ તોડશે.

આજે અવનવા રંગો અને બ્રાન્ડની લિપસ્ટિક એક માસ્ક સામે કેદ થઈ ને બેઠી છે.

માટે કુદરત ને કુદરત નું કામ કરવા દેવાનું. સમય અને કુદરતને મંજુર જે થયું એમ માની નવી દિશામાં પ્રયાણ કરવું.

કુદરત દરેક ને તક આપે જ છે. દરેક પરીક્ષા જીવનની અંતિમ નથી હોતી.

‘કોઈ પગલાં શોધતું મારી ચાલને જાણવા આવે
ને ભરતી કિનારે આવી પગની પાનીને પલાળી મૂકે એમ પણ બને’

વાત કરું એવા વિદ્યાર્થીઓની જે પરીક્ષામાં ઉતીર્ણ નથી થયા. ટોચ પર પહોંચેલા ફિલ્મ અભિનેતા અને ટોચ પર પહોંચેલા ક્રિકેટર પણ અવ્વલ નથી કહેવાતા અભ્યાસક્રમ માં. પણ એમના ક્ષેત્રમાં આજે એ અવલ્લ છે.

ઉગતા સુરજ ને હરકોઈ પૂજે છે, પણ શું આપણે એ જાણીએ છીએ કે માણસને ખરું સુખ અને આરામ સુરજ આથમ્યાં બાદ જ મળે છે તે.

દરેક વસ્તુ,ઘટના પરિણામ પાછળ કંઈક ને કંઈક પ્રયોજન હોય છે.

દરેક સારા ખરાબ નિર્ણય પાછળ એક ઈશ્વરી ય રહસ્ય હોય જ છે. કોવિડ ૧૯ના મહામારી ના આ સમય માં કેટલાક પરિવાર અભ્યાસને લઈને ચિંતિત થયા હતાં, અને બાળકોના ભવિષ્યને લઈને કેટલાક દુઃખી પણ. પરંતુ સ્વીકારવું પડ્યું બધાંએ, બાળકો માટે કંઈક નવું જ ધાર્યું હતું કુદરતે ખરું ને

કહેવાતા આ બોજ રૂપી ભણતરમાં બાળકો દસ કિલોનું દફતર ઉંચકી ને સ્કૂલે જતા એમની વેદના કુદરત સમજી ગઈ હશે અને અભ્યાસ માટે તમામ

એ રસ્તા બંધ કર્યા અને એક નાનકડો મોબાઈલ આપ્યો ઓનલાઈન ભણવા અને બધો ભાર હળવો કર્યો. પણ સમય જતાં બાળકોને પણ એ બેંચિસ, નાસ્તો, પાણીની બોટલ, બ્લેક બોર્ડ અને મસ્તી યાદ આવી. સ્કુલનું મહત્વ સમજાયું અને હવે હોશે હોશે બાળકો ભણવા જવા લાગ્યાં. દરેક ઘટના અમુક સમય માટે જ હોય છે, દરેક સારી અને નરસી ઘટના સમય જતા એની અસર ઓછી કરતી જાય છે, આ અસર પણ ઓછી થઈ જશે, જીવનનો મર્મ સમજી ગયા હશે ઘણાં લોકો. ચાલો માનો પરીક્ષા પુરી થઈ ગઈ? પણ આ એક પરીક્ષા આખરી થોડી છે, હજુ તો ઘણી પરીક્ષા આવશે જીવનમાં. અત્યારે પાસ થઇ ગયા અને જીતની ખુશી સેલિબ્રેટ કરી પણ તમે કેટલી પળ મનાવી શકશો આ ખુશીને. પછી તરત બીજો પડાવ શરૂ અને એમાં પહેલાં કરતા બધું અપેક્ષા.

માટે જે પણ બને જીવનમાં એ સારા ઉદ્દેશ માટે જ થાય છે એમ માની આગળ વધીએ.

દરેક પરીક્ષાનું રિજલ્ટ ઓછું કે ખરાબ આવે એમાં નાસીપાસ થવાની જરૂર નથી.

જિંદગી કેટ કેટલી પરીક્ષા લેતી હોય છે.

પણ !યાદ રાખો આપણું મૂલ્યાંકન એક માર્કશીટ ના જ કરી શકે. એ દરેક મા-બાપે પણ સમજવુ પડશે. ઘણા ક્ષેત્રમાં નામચીન વ્યક્તિની માર્કશીટ જોઈએ તો ખ્યાલ આવે કે ખરેખર આવડત સામે માર્કશીટની વેલ્યુ નહીવત છે. સધગુરુના પ્રવચનનું એક ઉદાહરણ જોઈએ -એક બાજુ ટોપ લેવલના વિદ્યાર્થી હતાં અને એક બાજુ સામાન્ય વિદ્યાર્થી. બન્ને ને જમ્યા પછી હાથ ધોવા એક ઊંચા નળ વાળી ટાંકી પાસે મોકલ્યા. જે ખુબ ભણેલા હતાં એ કોઈ સ્ટુલ માટે અથવા કોઈક પાઈપ આપી જાય એની રાહ જોઈ રહ્યા. બીજી બાજુ સામાન્ય ગણાતા વિદ્યાર્થી એક બીજા ના સહારે નીચા નમી હાથ ધોઈ ચાલવા લાગ્યા. હવે જુવો ભણતર ક્યાં લેખે લાગ્યું તે.

ઉકેલ માટે નમવું જ પડે જે ઉચ્ચ ભણતર શીખવી શકે? ઘણા મા-બાપ કહેતા હશે કે અમારું સપનું સાકાર ના થયું. ઘણા વિદ્યાર્થીઓ ને લાગશે કે એક નબળા પરિણામમાં બધું સમાપ્ત થઈ ગયું.

પણ શાંત ચિતે બેસી વિચારજો કે સફળતા માટે માત્ર રિજલ્ટ ઉતીર્ણ હોય એ જરૂરી નથી. સપના સાકાર કરવા માર્કશીટની જરૂર નથી જ. જરૂર છે સફળ થવા માટે અલગ રસ્તો અને અલગ વિચારોના અભિગમની. અરે આવી પરીક્ષા ઘણી આવશે જીવનમાં, આ પરીક્ષાનો કે જીવનનો અંત નથી જ. અને સપના બીજા ઘણા આવશે, ટ્રેક બદલવો એ આપણા હાથમાં છે.


નાપાસ થવું પણ નાસીપાસ ના થવું. હું નબળા વિદ્યાર્થી એવો શબ્દ પ્રયોગ નહીં જ કરુ, પણ હાલ જે એક્ષામ આપી રહ્યું છે, એમના માટે એક રચના... અવશ્ય કહીશ... કે....

તું તો સર્વજ્ઞ, સર્વ શક્તિમાન છે,
તારા માટે લખાયું કંઈક ખાસ છે,
માટે જા અને તણાવમુક્ત થઈ ને,
ફરી કહેવાતી પરીક્ષા આપી આવજે’
બની શકે અત્યારે સમય બીજા કશાક માટે હશે,

દરેક મા બાપ ને વિનંતી છે કે નિષ્ફળતા નો હાઉ ખતમ કરવા બાળકને ટોકવાની જગ્યાએ તેને હૂંફ આપવાની કોશિશ કરજો, કારણ એક પરીક્ષાનું નબળું પરિણામ સંબધો પર અસર ના કરવું જોઈએ. નામના, પ્રસિદ્ધિ અને નંબર વનની હોડમાંથી બહાર નીકળવું જ પડશે.

અનુસંધાન પાના નં. ૭ પર

# વસ્તુ ચોરવાના વિચારની સામે પુસ્તકોની ચોરી ક્ષમ્ય અપરાધ લાગે છે




સૌ પુસ્તકપ્રેમીઓ મારી આજની વાતથી ખુબ ખુશ થઈ જવાના, અને સાથે સાથે એટલા જ ચિંતામાં પણ પડી જવાના ! કારણ કે આજે આપણે એક પૂણ્યપ્રવૃત્તિ અંગે વાત કરીશું. આ પૂણ્યપ્રવૃત્તિ છે ’ચોરી’. તમને થશે કે ’હેં, ચોરી? અને એય પાછી પૂણ્ય પ્રવૃત્તિ ?’ હા ભાઈ હા. એક અમેરિકન લેખક હતા માર્ક ટ્વેઈન. એમની નોવેલ છે ’એડવેન્ચર્સ ઓફ હકલબેરી ફીન’. આ નોવેલના નાયકનું નામ હકલબેરી. હકલબેરી જ્યારે પણ કોઈની વસ્તુ ચોરે ત્યારે ’મેં ક્યાં ચોરી કરી છે, આ તો મેં ઉછીનું લીધું છે?’ એવું કહીને પોતાના અંતરઆત્માને ચોખ્ખોચણાક રાખતો. તો ચાલો આજે જોઈએ પુસ્તક ઉછીનું લેવાના મારા સ્વ-પ્રયોગો !

આમ તો ચોરી કરવાનો વિચારમાત્ર આજે પણ મને માના મારની બીકથી ધ્રુજાવી દે, પરંતુ જ્યારે પુસ્તક ચોરી કરવાનું હોય ત્યારે હું ’હકલબેરી’ બની જતો અને મન મનાવતો કે આમાં ક્યાં ચોરી છે, બિચારું પડ્યું પડ્યું ધૂળ ખાતુ હતું તો આ તો મેં એને જેલમાંથી છોડાવ્યું. બાળપણમાં મામાને ઘરે રહીને અભ્યાસ કરતો ત્યારે વાંચનભૂખ ખૂબ, પણ મામાને ત્યાં વાંચનનો મહિમા થોડો ઓછો. મને સપનામાંય બુલબુલ, ચાંદામામા, ચંપક અને ઈન્દ્રજાલ કોમિક્સ દેખાતાં. અધૂરામાં પૂરું ટાંપાંટૈયાં કરવા બજારે નીકળીએ ત્યારે છાપાના એજન્ટની દૂકાન બહાર આ બધાં લોભામણા મેગેઝિન્સ બહાર જ ડિસ્પ્લેમાં અમારી હાંસી ઉડાવતાં જણાય ! અમે મામાના બેડરૂમની બહાર ઢગલાબંધ જૂનાં છાપાં ધૂળ ખાતાં હતાં તે જોયેલાં અને તેને મુક્તિ અપાવીએ તો અમારા ઈરાદા બર આવશે એવું લાગેલું. એક દિવસ કાળા બપોરે સૌને ઘારણ વળી ગયેલું અને મેં એમાંથી એક થોકડો છાપાં કાઢ્યાં અને ગાંધીની દૂકાને પસ્તીમાં આપી આવ્યો. તેમાંથી મળેલા ચાર રૂપિયામાંથી બે મેગેઝિન્સ ખરીદ્યાં અને રોજ એક વાર્તા વાંચવી એવો નિયમ બનાવેલો, જેથી પંદર દિવસ નીકળી જાય.

હું આશરે બાર-તેર વર્ષનો જ હોઈશ. અને ગામમાં ચાલુ થયેલી નેચર ક્લબમાં સક્રિય મેમ્બર પણ હતો જ. સર્પ અંગે કંઈ કરી છૂટવાનો મક્કમ નિર્ણય. અને ગામડાગામમાં સર્પ અંગે પુસ્તકો તો મળે નહીં. એક તરફ ઈમાનદાર પિતાજીને મેં માત્ર પચ્ચાસ-સો રૂપિયાની કિંમતના ઉમાશંકર જોશીના સમગ્ર કવિતા સંગ્રહ ખરીદવા માટે બચત કરતા જોયા હોય, તો પછી આવી દોઢસો રૂપિયાની કિતાબ કેમ માંગવી એ પણ મુંઝવણ મોટી. અમને ગોપનીય જાણકારી મળેલી કે રેમ્યુલસ વ્હિટેકર નામના સર્પવિદે લખેલું પુસ્તક ’ભારતના સર્પોની ફિલ્ડ ગાઈડ’ અમારા ગામડાના પુસ્તકાલયમાં વિદ્યમાન હતું. કુદરતની કૃપા કહો તો એમ, અને નિયતિ કહો તો એમ. અમારા ગામની પંચાયતની લાઈબ્રેરીમાં બીજા પુસ્તકોની વચ્ચે આ પુસ્તક પણ ધૂળ ખાય. હું લાઈબ્રેરીનો મેમ્બર તો નહોતો, પણ નાના ગામમાં રેલેવાઈ ટેશણના મોટા સાહેબના દીકરા તરીકે આવા બધા દરવાજા અમારા માટે ખુલી જતા ! પછી આ પુસ્તકને ચોરવા, સોરી ઉછીનું લેવા માટે અમે ધાડપાડુ લૂંટ કરવાના સ્થળની જેમ રેકી કરે તેમ લગભગ એકાદા મહિના સુધી સતત આ લાઈબ્રેરી અને તેના લાઈબ્રેરિયનની રેકી કરી. લાઈબ્રેરિયન શું કરે છે, કોના પર કેટલું ધ્યાન આપે છે કે નથી આપતો, ક્યારે તેને પેશાબ લાગે, તરસ લાગે, ક્યારે ચા પીવા જાય ઈત્યાદિ ઈત્યાદિ ! અંતે એક સપરમા દિવસ આપણે આપણી તમામ હિંમત જૂટાવીને એ પુસ્તકને ઉછીનું લેવાના હેતુથી પેન્ટના નેફામાં ભરાવ્યું, અને પછી ધીમે પગલે મુસ્કુરાતા મુસ્કુરાતા નીકળી ગયા ત્યાંથી !

ચોરી તો ચોરી છે એવું તો અમને મોડે મોડે સમજાયું, પરંતુ સાચું કહું તો કોઈના પૈસા, કે વસ્તુ ચોરવાના વિચારની સામે પુસ્તકોની ચોરી મને ક્ષમ્ય અપરાધ લાગે છે.

હેન્ડ બ્રેક:

હજારો વર્ષ પાર બેઠેલો એક લેખક મૌન રહીને પણ તમારા મનની અંદર સ્પષ્ટ રીતે કશુંક કહી રહ્યો છે. લેખન એ કદાચ માનવઈતિહાસનું સૌથી મહાન સંશોધન છે, જે એકબીજાને કદી ન ઓળખતા હોય તેવા લોકોને, બે અલગ અલગ યુગોના લોકોને પરસ્પર જોડે છે. પુસ્તક સમયની સાંકળને તોડે છે. મનુષ્ય ચમત્કાર કરવા સક્ષમ છે તેનું જીવંત ઉદાહરણ પુસ્તક છે.

- કાર્લ સેગન

djtrivedi@gmail.com